| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૦૮/૦૪/૨૦૨૫ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૪૨૧ લીટર દેશી દારૂ, ૭૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૦૨૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૨ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૪૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૪૮૧/૨૦૨૫**

**સાયબર ક્રાઇમઃ (૧)** ટ્રોઇકા ફાર્માસ્યુટીકલ લીમિટેડ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા ઉત્પલ યમુનાવલ્લભ દીક્ષીત (ઉ.વ.૫૫) (રહે. ફાલ્ગુન સોસાયટી જોધપુર ગામ રોડ) એ તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૫ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ટ્રોઇકા ફાર્માસ્યુટીકલ લીમિટેડ કંપનીના એકાઉન્ટ ડિપાર્ટમેન્ટના ઈ–મેઈલ આઈ.ડી ઉપર કંપનીનુ દવાનુ મેન્યુફેક્ચરીંગ કરવાનુ કામ કરતી કંપનીનુ ઇ–મેઇલ આઇ.ડી.ના મેઇલ થી દવાઓની અને પૈસાની વાતચીત કરતા હતા જેથી તે ઇ–મેઇલ આઇ.ડી માં અજાણી વ્યક્તિએ રિપ્લાઇમાં ફેક ઈ–મે ઈલ આઈ.ડી.એડ થઈને ખોટા ઇ–મેઇલ કરી ખોટી બેંકની ડીટેઈલ ફેડલર બેંકના એકાઉન્ટ નંબર મોકલી આપી તેમજ ટ્રોઇકા ફાર્માસ્યુટીકલ લીમિટેડ કપનીના એકસીસ બેંકને એકાઉન્ટ ચેન્જ કરવા માટેનુ ખોટું બનાવટી સપ્લાયર ટમન્સ અને કન્ડીશન લેટર તથા ફેડરલ બેંકનો કેન્સલ ચેક મોકલી અલગ–અલગ સમયે ઓનલાઈન ઈન્ટનેટના માધ્યમથી રૂપિયા ૪૯,૮૪,૯૫૪/– મેળવી લઈ કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.બરવાળીયા ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ (૨)** કેશુભાઇ દુલાભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે.શ્રીજી ધામ સોસાયટી હરીવિલાની બાજુમાં સિતારામ ચોક નવા નરોડા) એ તા.૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવી છે કે કેશુભાઇ પટેલ પાર્લર ધરાવી ધંધો કરતા હોય તેમજ ઓનલાઈન નાણાંના વ્યવહાર માટે પેટીએમ એપલીકેશનનું સ્કેનર અને પેટીએમ સાઉન્ડ બોક્ષ મશીન રાખેલ હોય તા.૦૭/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે બે પુરૂષો કેશુભાઈ પટેલના પાર્લર ખાતે આવ્યા હતા અને પોતે પેટીએમ કંપનીમાંથી આવતા હોવાની ઓળખ આપી પેટીએમ સાઉન્ડ બોક્ષ મશીનના ચાર્જ બાબતે ચર્ચા કરી, ૯૯ રૂપિયા ચાર્જ લાગે છે જે ચાર્જ નહી ભરવા માટે પ્રોસેસ કરવી પડશે તેમ કહી કેશુભાઈ પટેલનો મોબાઇલ ફોન માંગી લઈ કેશુભાઈ પટેલના ગુગલ–પે એકાઉન્ટનો પાસવર્ડ બદલી કેશુભાઇના ખાતામાંથી ગુગલ–પે થી રૂપિયા ૯૮,૦૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્જેક્શન કરી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.પી.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૪૮૨/૨૦૨૫**

**વાસણાઃ** રમેશભાઇ સ/ઓ ભીખાભાઇ પુજારા (ઉ.વ.૪૪) (રહે. શંભુભાઇ રબારીની ચાલી શિવશંકરનગર જીવરાજ પાર્ક) તા.૦૬/૦૪/૨૦૨૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ધર્મરાજ રેસીડેન્સી નામની નવી બનતી સાઇટ પોલીયો ફાઉન્ડેશનની બાજુમા જીવરાજ પાર્ક ખાતે આર.સી.સી.તોડવાનુ કામ કરતા હતા ત્યારે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાણીની મોટી પાઇપ ઉપર ઉભા રહી મશીનની લાઇટનો વાયર ખસેડતી વખતે પાઇપ ઉપરથી પગ લપસતા પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને જીવરાજ મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૭/૦૪/૨૦૨૫ કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રતનસિંહ હિમતસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૮૩/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ (૧)** ચાંદલોડીયા રામજી મંદીર પાસે ખોડીયાર માતાના વાસ ખાતે રહેતા રમેશજી રમતુજી ઠાકોરની સગીર વયની પુત્રીએ એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૫ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ભુવા અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૨)** કિશનકુમાર વંસતભાઇ પઢારીયા (ઉ.વ.૩૨) (રહે. મકાન નંબર ૨૫/૭૯૬ ઈડબલ્યુ આવાસ યોજના ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૫ સાંજના ૭/૨૦ વાગ્યાના સુમારે વીર સાવર કર હાઇટસ એ બ્લોક ગોતા બિલ્ડીંગ પરના ધાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજયસિંહ ઇશ્વરસિંહ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૩)** મોહીનીબહેન વા/ઓ શિવરાજસિંહ યાદવ (ઉ.વ.૩૪) (રહે. વિકાસનગર કબુતરખાના ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૪/૨૦૨૫ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતના લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

**સાબરમતીઃ** રવિન્દ્ર રમેશભાઇ સાગર (ઉ.વ.૩૨) (રહે. અતિથી રેસીડેન્સી સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૪/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્ર ભગવાનરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી